પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ ચાલ | વર્ષ : ૨૯ | અંક : ૨૭૧ | કુલ પાના : ૪ | તારીખ : ૦૯-૦૭-૨૦૨૬ ગુરુવાર | કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER: KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાતના ૧૯૫ તાલુકાઓમાં સાર્વત્રિક અને અવિરત વરસાદ નોંધાયો



### દક્ષિણ ગુજરાતમાં મેઘાનું જળતાંડવ; ૯ના મોત, દુકાનોમાં પાણી, લોખંડની ગડરો તણાઈ

અમદાવાદ

હાલમાં ગુજરાત રાજ્યમાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. રાજ્યભરમાં જાણે મેઘરાજાએ 'ફૂલ ફોર્મ'માં બેટિંગ શરૂ કરી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. દક્ષિણ ગુજરાતથી લઈને મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતથી લઈને સૌરાષ્ટ્ર સુધી, રાજ્યનો લગભગ દરેક ખૂણો વરસાદી પાણીમાં તરબોળ થયો છે. છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસી રહેલા વરસાદે અનેક વિસ્તારોમાં 'જળતાંડવ' જેવી પરિસ્થિતિ પેદા કરી દીધી છે, જેના કારણે સામાન્ય જનજીવન ભારે પ્રભાવિત થયું છે અને લોકોની મુશ્કેલીઓમાં અનેકગણો વધારો થયો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાતના ૧૯૫ તાલુકાઓમાં સાર્વત્રિક અને અવિરત વરસાદ નોંધાયો છે. આ વરસાદની તીવ્રતા એટલી વધારે હતી કે રાજ્યના ૬ તાલુકાઓમાં તો ૧૦ ઈંચથી પણ વધુ વરસાદ એકસાથે ખાબક્યો છે. આ આંકડાઓ જ પરિસ્થિતિની ગંભીરતા દર્શાવે છે. જેમાં ૬ તાલુકામાં ૧૦ ઈંચ કરતા વધુ વરસાદ ખાબક્યો છે. સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં સૌથી વધુ ૧૮ ઈંચ વરસાદ વરસ્યો છે, જ્યારે કામરેજમાં ૧૭ ઈંચ, નવસારીમાં ૧૫ ઈંચ, સુરત શહેરમાં ૧૪ ઈંચ, કપરાડામાં ૧૩ ઈંચ અને જલાલપોરમાં ૧૧ ઈંચ વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત રાજ્યના ૭૬ તાલુકાઓમાં ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે, જ્યારે કુલ ૨૮ તાલુકાઓમાં ૪ ઈંચથી લઈને ૧૮.૫ ઈંચ સુધીનો ભારે વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ સૌથી વધુ જોવા મળ્યું છે.

સૌથી વધુ અસર ડાયમંડ સિટી સુરતમાં જોવા મળી છે. સતત ભારે વરસાદને લીધે શહેરમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ઉધના, લિંબાયત અને સચિન જેવા વિસ્તારો સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયા છે. સુરતમાં વરસાદી માહોલ વચ્ચે અત્યાર સુધીમાં ૯ લોકોના મોત અને ૩ લોકોના ઘાયલ થવાના દુઃખદ સમાચાર સામે આવ્યા છે.

સ્થિતિની ગંભીરતાને જોતા તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૩ દ્વઢ્ઢઈહ્લ અને ૪ એસડીઆરએફની ટીમો તૈનાત કરવામાં આવી છે. આ ટીમો દ્વારા અત્યાર સુધીમાં આશરે ૩૪૦૦ લોકોને રેસ્ક્યૂ કરીને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. વિસ્થાપિત થયેલા લોકો માટે કોમ્યુનિટી હોલમાં રહેવા અને જમવાની પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

સુરતમાં વરસાદની સાથે ખાડીઓનું સ્તર વધતા પરિસ્થિતિ વધુ વણસી છે. પાંડેસરામાં ભેદવાડ ખાડી ઓવરફ્લો થતા તેની આસપાસના વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. નાગસેન નગરમાં તો પાણી ૪ ફૂટ સુધી ભરાઈ ગયા હતા. લોકોના ઘરોમાં પાણી ઘૂસી જવાથી ઘરવકરીનો સામાન બચાવવા માટે પરિવારોએ ભારે જહેમત ઉઠાવવી પડી છે.

બીજી તરફ, મીઠીખાડીની સ્થિતિ પણ અત્યંત ગંભીર બની છે. ઈતિહાસમાં પ્રથમવાર મીઠીખાડી બ્રિજ પાણીમાં સંપૂર્ણપણે ગરકાવ થઈ ગયો છે. કુંભાલ ટાંકી સુધીનો સમગ્ર વિસ્તાર પાણીમાં હોવાથી લોકો ઘરોમાં ફસાયા છે. ઘરોમાં પાણી ભરાઈ જવાથી લોકોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે અને જનજીવન સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું છે. માત્ર સુરત જ નહીં, પરંતુ દક્ષિણ ગુજરાતના અન્ય વિસ્તારોમાં પણ ભારે વરસાદે તબાહી મચાવી છે. બારડોલી ૯.૫ ઈંચ, અંબિકા ૯ ઈંચ, તાપી (ડોલવણ) ૯ ઈંચ, મહુવા ૯ ઈંચ, ડાંગ ૮.૭૫ ઈંચ, સુબીર અને ગણદેવી ૮ ઈંચ અને વાલોડ અને ચીખલીમાં ૭.૫ ઈંચ વરસાદ નોંધાયો છે.

દક્ષિણ ગુજરાતના ૨૮ તાલુકાઓમાં ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની અને વાહનો ડૂબી જવાની અનેક ઘટનાઓ બની છે. બેઝમેન્ટમાં પાણી ભરાઈ જવાને કારણે વાહનોને ભારે નુકસાન થયું છે અને લોકોની દિનચર્યા ખોરવાઈ ગઈ છે.

હવામાન વિભાગ દ્વારા આજે પણ દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સતત વરસાદને કારણે જળાશયો અને નદીઓ પણ ભયજનક સપાટી પર વહી રહી છે. તંત્ર દ્વારા નાગરિકોને સતર્ક રહેવા અને બિનજરૂરી ઘરની બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે. ગુજરાતમાં અત્યારે સ્થિતિ ચિંતાજનક છે. મેઘરાજાએ જે રીતે બેટિંગ કરી છે, તેણે રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સામાન્ય માનવીના જીવન પર ઊંડી અસર કરી છે. આગામી સમયમાં જ્યારે વરસાદનું જોર ઘટશે ત્યારે જ સ્થિતિ થાળે પડશે, પરંતુ અત્યારે સૌથી મોટી પ્રાથમિકતા અસરગ્રસ્ત લોકોને સુરક્ષિત રાખવાની અને તેમને મદદ પહોંચાડવાની છે.

## બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના કર્મચારીને સસ્પેન્ડ, પ્રસાદ ચોરીના કેસમાં મોટી કાર્યવાહી

દહેરાદુન

શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના એક કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.બદ્રીનાથ મંદિરમાં દાનના સંચાલનમાં કથિત અનિયમિતતાની તપાસ શરૂ કર્યા પછી ચાર સભ્યોની ટીમે આ કાર્યવાહી કરી છે. એ નોંધવું જોઈએ કે શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ એક કાનૂની સંસ્થા છે જે બદ્રીનાથ મંદિર, તેમજ ઉત્તરાખંડમાં ૪૪ અન્ય ધાર્મિક સ્થળો અને અનેક શાળાઓ અને ધર્મશાળાઓનું સંચાલન કરે છે.

બીકેટીસીના ચેરમેન હેમંત દ્વિવેદીએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં ગેરરીતિના સંકેતો બહાર આવ્યા બાદ કર્મચારી પ્રમોદ નૌટિયાલને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. નૌટિયાલ મંદિર સમિતિના ખાનગી સચિવ તરીકે કામ કરતા હતા. દ્વિવેદીએ જણાવ્યું હતું કે મંદિર સમિતિ ભ્રષ્ટાચાર અંગે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ ધરાવે છે, અને જો તપાસ દરમિયાન કોઈ કર્મચારી દોષિત સાબિત થશે તો તેમની સામે કડક વિભાગીય અને કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે બદ્રીનાથ ધામમાં પ્રસાદની ગણતરી દરમિયાન ગેરરીતિના આરોપો સોશિયલ મીડિયા પર સામે આવ્યા. આ પછી, 'ભૈરવ સેના' નામની એક સંસ્થાએ ફરિયાદ નોંધાવી હતી, જેમાં તપાસ અને એફઆઈઆર નોંધવાની માંગ કરવામાં આવી હતી. ગયા અઠવાડિયે, ચાર સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હતી, જેમાં બીકેટીસીના વરિષ્ઠ સભ્યો હતાઃ નાણાકીય નિયંત્રક હેમ કાંડપાલ, કાનૂની અધિકારી એસએસ બર્ટવાલ, મુખ્ય વહીવટી અધિકારી રાજન નૈથાની અને કેદારનાથના વરિષ્ઠ વહીવટી અધિકારી ડીએસ ભુજવાન.

સમિતિએ સીસીટીવી ફૂટેજ, સંબંધિત કર્મચારીઓના નિવેદનો અને અન્ય સંબંધિત દસ્તાવેજોના આધારે તેની તપાસ શરૂ કરી. દરમિયાન, સીસીટીવી કેમેરા બદલવા અંગે પ્રશ્નો ઉભા થયા છે. જો કે, બીકેટીસી ના સીઈઓએ સ્પષ્ટતા કરી કે બદલી એક નિયમિત પ્રક્રિયા હતી અને જૂના ઢ્ઢફઇ નો સંપૂર્ણ રેકોર્ડ તપાસમાં ઉપયોગ માટે સાચવવામાં આવ્યો છે.

દરમિયાન, અયોધ્યામાં રામ મંદિરમાં પ્રસાદની ચોરીના આરોપો વચ્ચે, બદ્રીનાથ મંદિરમાં સમાન આરોપોએ કોંગ્રેસને પુષ્કર સિંહ ધામી સરકારની ટીકા કરવા પ્રેરિત કર્યા છે. ઉત્તરાખંડ કોંગ્રેસના પ્રમુખ ગણેશ ગોડિયાલે સમગ્ર મામલામાં ન્યાયિક તપાસ અથવા વિધાનસભાની સંયુક્ત સમિતિની માંગ કરી છે. હાલમાં તપાસ ચાલુ છે.

## આતંકવાદીઓએ આનંદ વિહાર બસ સ્ટેન્ડ અને રેલ્વે સ્ટેશનને નિશાન બનાવ્યું હતું






નવીદિલ્હી

દિલ્હી અને પંજાબમાંથી પકડાયેલા છ શંકાસ્પદોની પૂછપરછમાં મહત્વપૂર્ણ માહિતી મળી છે. સિવિલ લાઈન્સમાં ન્યૂ પોલીસ લાઈન, દિલ્હીનું આનંદ વિહાર બસ સ્ટેન્ડ અને રેલ્વે સ્ટેશન આતંકવાદીઓના નિશાના પર હતા. પેટ્રોલ બોમ્બથી દિલ્હી પર હુમલો કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. શંકાસ્પદો પાકિસ્તાનમાં રહેતા આઈએસઆઈ હેન્ડલર શહજાદ ભટ્ટીના નિર્દેશ પર કામ કરી રહ્યા હતા.

શંકાઓના ફોનમાંથી ભરતીના વીડિયો મળી આવ્યા હતા. શંકાસ્પદોના ફોનમાંથી સિવિલ લાઈન્સમાં ન્યૂ પોલીસ લાઈન્સ, આનંદ વિહાર બસ સ્ટેન્ડ અને રેલ્વે સ્ટેશન અને ભીડભાડવાળા બજારના વીડિયો મળી આવ્યા હતા. આ વીડિયો પ્રતિબંધિત એપ્સ દ્વારા શહઝાદ ભટ્ટીને મોકલવામાં આવ્યા હતા.

સ્પેશિયલ સેલે શહઝાદ ભટ્ટી અને આરોપીઓ વચ્ચે સોશિયલ મીડિયા ચેટ્સ મેળવી હતી. જૂનના છેલ્લા અઠવાડિયામાં શહઝાદ ભટ્ટી અને દાનિશ વચ્ચે થયેલી ચેટ સામે આવી છે.

શહઝાદ ભટ્ટીઃ "તમને સામાન મળ્યો?"

દાનિશઃ "હા, મેં આજે સાંજે બધું ભેગું કર્યું છે."

શહઝાદ ભટ્ટીઃ "સામાન તૈયાર રાખો, તેને સુરક્ષિત રાખો."

શહઝાદ ભટ્ટીઃ "સંદેશની રાહ જુઓ."

દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલે રાજઘાટ પાછળ વિજય ઘાટ પરથી પેટ્રોલ બોમ્બ મળી આવ્યા હતા. આ આરોપીઓ શહઝાદ ભટ્ટી ઉપરાંત ૧૦ અન્ય લોકોના સંપર્કમાં હતા. આ તમામ ૧૦ વ્યક્તિઓ પણ પાકિસ્તાનમાં રહે છે અને શહજાદ ભટ્ટી માટે કામ કરે છે.

ધરપકડ કરાયેલ આરોપી દાનિશ ઉર્ફે ચાંદ મિયાઃ શહજાદ ભટ્ટીએ દાનિશ ઉર્ફે ચાંદને દિલ્હીમાં જાસૂસી અને હુમલાનું આયોજન કરવાની જવાબદારી સોંપી હતી. સફળતા પર તેને ૨૦,૦૦૦ રૂપિયાનું ઈનામ આપવાનું વચન આપવામાં આવ્યું હતું.

દાનિશનો સાથી સલમાનઃ સલમાન હુમલાનું ફિલ્માંકન કરવા અને તેને સીધા શહજાદ ભટ્ટીને મોકલવા માટે જવાબદાર હતો.

દિલ્હીના શાહીન બાગનો રહેવાસી તૈયબઃ હથિયારોના સંગ્રહ અને વેચાણનું સંચાલન કરતો હતો.

ગાઝિયાબાદના મોદીનગરનો રહેવાસી ઝુબૈર ખાનઃ ઝુબૈર ખાન અમૃતસરથી હથિયારો લાવ્યો હતો.

મેરઠનો અલી ફઝલઃ તે હથિયારો વેચવા માટે જવાબદાર હતો.

અમૃતસરનો મલકિત સિંહઃ તે પાકિસ્તાનથી ડ્રોન દ્વારા પહોંચેલા હથિયારો સપ્લાય કરવા માટે જવાબદાર મુખ્ય વ્યક્તિ હતો.

## આગામી દિવસોમાં ૫૦ હજાર પોલીસકર્મીની ભરતી થવાની છે, હર્ષ સંઘવી



ગાંધીનગર

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા ટકાવી રાખવા માટે પૂરતા મહેકમમાં પોલીસફોર્સ હોય એ જરૂરી છે. આજે ગુજરાતમાં હાઈટેક ભવનો, ટેકનોલોજીથી સજ્જ પોલીસ સ્ટેશનો અને પોલીસકર્મીઓના આવાસો જોતાં એવું લાગશે કે પોલીસમાં નોકરી કરતા કર્મચારીઓના દિવસો બદલાઈ ગયા છે. ૨૪ કલાકની નોકરી ગણાતી પોલીસની ફરજ એ નોકરી પણ સેવા છે ગમે ત્યારે અને ગમે એ સમયે તમારી એ તૈયારી હોવી જોઈએ કે ઉભા થઈને દોડવું પડશે.

આજે રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિકે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા અત્યંત પારદર્શક રીતે પ્રક્રિયા પૂર્ણ કરવા બદલ ભરતી બોર્ડની પ્રશંસા કરી છે. આ અવસરે રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ નવનિયુક્ત પીએસઆઈ અને પોલીસ પરિવારના નવા સભ્યોને સંબોધિત કરતા અનેક મહત્વના નિવેદનો આપ્યા હતા અને ભવિષ્યની ભરતીઓને લઈને મોટી જાહેરાતો પણ કરી હતી.

નવનિયુક્ત ઉમેદવારોનું સ્વાગત કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, "સામાન્ય રીતે પોલીસ એટલે ગુનેગારોને સીધા કરવાની ફોર્સ કહેવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં સામાજિક જીવનના દરેક તબક્કે અને મુશ્કેલીના સમયે જો કોઈ સૌથી પહેલાં પહોંચતું હોય તો તે પોલીસ છે. સરકારી નોકરી મેળવવી એ દરેકનું સપનું હોય છે. કેટલાક લોકો આને માત્ર એક નોકરી તરીકે જુએ છે, જ્યારે કેટલાક લોકો સામાન્ય નાગરિકોને મદદરૂપ થવાના આશયથી આ સેવામાં જોડાય છે. જેમને રાજ્યના નાગરિકોના હિતમાં કામ કરવું છે, તેમને આ ખાખી વરદી થકી બદલાવ લાવવાનો મોટો અવસર પ્રાપ્ત થશે.

પોલીસની ફરજની કઠિનતા સમજાવતા મંત્રીએ તાજેતરમાં જ સુરતમાં પડેલા ભારે વરસાદનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, "ગઈકાલે સુરતમાં ભારે વરસાદને કારણે પાણી ભરાયા ત્યારે પોલીસ જવાનો પાણીમાં ઉતરીને લોકોને ખભા પર બેસાડીને બચાવી રહ્યા હતા. પોલીસની કોઈ શિફ્ટ નથી હોતી અને આ કોઈ કોર્પોરેટ જોબ નથી કે ટાઈમ-ટુ-ટાઈમ નોકરી કરીને ઘરે જતા રહીએ. આ ઘણી ચેલેન્જ સાથે જોડાયેલી ૨૪ કલાકની નોકરી છે."

નવનિયુક્ત પોલીસકર્મીઓને ટકોર કરતા હર્ષ સંઘવીએ એક મહત્વની શિખામણ આપી હતી કે, "ગામમાં વરદી પહેરીને જશો એટલે વટ તો પડી જશે, પણ આ વટ પાડવામાં આપણે જમીન સાથે જોડાયેલા રહેવાનું છે. તમે જનતા સાથે જેટલા વધુ જોડાયેલા રહેશો, એટલા જ પોલીસના સોર્સ વધુ મજબૂત થશે."સાથે જ તેમણે કાયદો તોડનારાઓ સામે કડક હાથે કામ લેવાની વાત કરતા ભ્રષ્ટાચાર મુદ્દે પણ કડક ચેતવણી આપી હતી. તેમણે જણાવ્યું કે, સૌથી વધુ લાંચિયા અધિકારીઓને જો 'ગંગાજળ' પીવડાવ્યું હોય તો તે આપણા મુખ્યમંત્રીએ કર્યું છે, માટે એ ગંગાજળ આપણા સુધી ન પહોંચે એ જવાબદારી તમારી રહેશે.

આ કાર્યક્રમ દરમિયાન ગૃહ મંત્રાલયના એક ખૂબ જ મહત્વના અને યુવાહિતના નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. હવેથી પોલીસ ભરતીની તૈયારી કરતા યુવાનોએ મોંઘા ખાનગી ટ્રેનિંગ સેન્ટરો પર નિર્ભર નહીં રહેવું પડે. ખાનગી સેન્ટરોની જગ્યાએ હવે જિલ્લા પોલીસ દ્વારા ખાસ ગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવશે, જ્યાં ઉમેદવારો ટ્રેનિંગ લઈ શકશે. ગૃહ વિભાગ દ્વારા શરૂ કરાનારી આ સુવિધામાં ઉમેદવારો સત્તાવાર ગ્રાઉન્ડ પર પ્રેક્ટિસ કરીને જરૂરી જાણકારી મેળવી શકશે.ગુજરાત સરકારના રોજગારીના રોડમેપ અંગે વાત કરતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે, છેલ્લા ૫ વર્ષમાં ગુજરાત પોલીસમાં ૧૫ હજારથી વધુ ભરતીઓ કરવામાં આવી છે.

## મહારાષ્ટ્રમાં ભારે વરસાદથી વિનાશ!

### ઘણા રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા; મુંબઈમાં ઓરેન્જ એલર્ટ જારી, નાસિકમાં વાદળ ફાટવાની આગાહી

મુંબઈ

મહારાષ્ટ્રમાં ભારે વરસાદથી લોકોની મુશ્કેલીઓ પણ વધી ગઈ છે. મુંબઈ સૌથી વધુ પ્રભાવિત થયું છે. છેલ્લા ત્રણ દિવસમાં મુંબઈમાં નવ લોકોનાં મોત થયા છે. મુંબઈના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. પૂરને કારણે અંધેરી સબવે બંધ થઈ ગયો છે.મુંબઈમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ અમલમાં છે. મહારાષ્ટ્રના પાલઘરમાં છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ લોકોના મોત થયા છે. નાસિકમાં આજે પણ વાદળ ફાટવાની ચેતવણી અમલમાં છે. પુણે, સતારા અને સોલાપુરમાં પણ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. ભારે વરસાદને કારણે મુંબઈમાં લોકોને કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે

મુંબઈવાસીઓને ૧૨ કલાકની રાહત આપ્યા પછી, વરસાદ ફરી એકવાર તીવ્ર બન્યો છે. હવામાન વિભાગે આજે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. સવારે ૧૦ થી રાત્રે ૯ વાગ્યા દરમિયાન ૧૨૫ મીમીથી વધુ વરસાદ પડવાની સંભાવના છે. માત્ર એક કલાકના વરસાદ પછી, અંધેરી સબવે સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયો અને ટ્રાફિક માટે બંધ થઈ ગયો. આગામી કેટલાક કલાકો માટે મુંબઈ માટે ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

દરમિયાન, મુંબઈના અંધેરી વિસ્તારમાં ઝાડ પડવાની બીજી ઘટના સામે આવી છે. મુંબઈમાં ભારે વરસાદ પડી રહ્યો છે, અને અંધેરી સબવે નજીક એક ઝાડ પડી ગયું. આ ઘટનામાં આદેશ ગાંવકર નામનો વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો છે. તેમને ઘટનાસ્થળે પાર્ક કરેલી પોલીસ વાનમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. અંધેરીમાં ઝાડ પડવાની ઘટના બાદ, બીએમસીના અધિકારીઓ તપાસ માટે પહોંચ્યા. બગીચા વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે આ સ્થળ ખાનગી મિલકત છે. ત્યારબાદ તેમણે આ બાબતને ફગાવી દીધી, અને કહ્યું કે તેમણે નોટિસ જારી કરી છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસ સાથે વાત કરી હતી અને ભારે વરસાદને કારણે મહારાષ્ટ્રમાં પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. સીએમ ફડણવીસ સાથે ફોન પર વાતચીત દરમિયાન, અમિત શાહે તેમને કેન્દ્ર સરકાર તરફથી શક્ય તમામ સહાયની ખાતરી આપી હતી.મુંબઈમાં ભારે વરસાદ પડ્યો, જેના કારણે લોકલ ટ્રેન સેવાઓ ખોરવાઈ ગઈ અને ઓફિસ જનારા લોકોને અસુવિધા થઈ.

અગાઉ, મુંબઈમાં સપ્તાહના અંતે ભારે વરસાદ પડ્યો હતો, પરંતુ મંગળવારે થોડી રાહત મળી હતી. દરમિયાન, પડોશી પાલઘરના વસઈ-વિરાર વિભાગ અને દક્ષિણ ગુજરાતના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાને કારણે ગુજરાત જતી લાંબા અંતરની ટ્રેન સેવાઓ ખોરવાઈ ગઈ હતી. ગયા સોમવારે ભોર ઘાટ વિભાગમાં ભૂસ્ખલન થયા બાદ મુંબઈ-પુણે રૂટ પરની કામગીરી પણ સંપૂર્ણપણે પુનઃસ્થાપિત થઈ ન હતી.

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૫૩૨/૨૦૨૬ તા.૦૮/૦૭/૨૦૨૬

અરજદારઃ મંડોડીયા ધુળીબેન દિલીપભાઈ રહે. રાબડાળ, તા.જિ.દાહોદ

વિરુધ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, રાબડાળ, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી મંડોડીયા ધુળીબેન દિલીપભાઈના પુત્રીના નામે મંડોડીયા શિવાનીબેન દિલીપભાઈનો જન્મ તા.૨૨/૦૫/૨૦૦૪ના રોજ રાબડાળ, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો પુત્રીના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા પુત્રીના જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,રાબડાળ, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,રાબડાળ, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખઃ ૦૮ માંહે : જુલાઈ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

-સહી-

(પી.બી.ગોહિલ)એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૨૯/૨૦૨૬ તા.૦૮/૦૭/૨૦૨૬

અરજદારઃ મેડા પ્રવિણભાઈ નિરુભાઈ ઉર્ફે નુરકાભાઈ રહે. ભાઠીવાડા, તા.જિ.દાહોદ

વિરુધ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ભાઠીવાડા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી મેડા પ્રવિણભાઈ નિરુભાઈ ઉર્ફે નુરકાભાઈના માતા નામે મેડા ગજરાબેન નેરુભાઈનું મરણ તા.૧૦/૦૮/૨૦૧૮ના રોજ ભાઠીવાડા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો માતાનું મરણ થયેલ ત્યારે અરજદાર દ્વારા માતાનું મરણની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ભાઠીવાડા, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના માતાનું મરણના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ભાઠીવાડા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખઃ ૦૮ માંહે : જુલાઈ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

-સહી-

(પી.બી.ગોહિલ)એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૭૯૨/૨૦૨૬ તા.૦૮/૦૭/૨૦૨૬

અરજદારઃ ડામોર બરસિંગભાઈ જીમાલભાઈરહે. ખાપરીયા, તા.જિ.દાહોદ

વિરુધ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ખાપરીયા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ડામોર બરસિંગભાઈ જીમાલભાઈના બહેન નામે ડામોર જોગડીબેન જીમાલભાઈનો જન્મ તા.૧૭/૦૨/૧૯૮૦ ના રોજ ખાપરીયા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો બહેનનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા બહેનનો જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ખાપરીયા, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના બહેનનો જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ખાપરીયા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખઃ ૦૮ માંહે : જુલાઈ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

-સહી-

(પી.બી.ગોહિલ)એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૫૨૫/૨૦૨૬ તા.૦૮/૦૭/૨૦૨૬

અરજદારઃ ભાભોર સીકાભાઈ કાળીયાભાઈ રહે. ખરોદા, તા.જિ.દાહોદ

વિરુધ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ખરોદા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ભાભોર સીકાભાઈ કાળીયાભાઈના જન્મ તા.૦૧/૦૧/૧૯૬૭ ના રોજ ખરોદા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ખરોદા, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ખરોદા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખઃ ૦૮ માંહે : જુલાઈ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

-સહી-

(પી.બી.ગોહિલ)એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

# સંતરામપુરના નવા ડગબરવાસમાં એક વર્ષથી પાણીનો નિકાલ માટે અનેક રજુઆતો છતાં નિકાલ ન આવ્યો



અમારા વિસ્તારમાં રોડની વચ્ચે પાણીનો ભરચક જોવા મળી રહ્યો છે અને કચરાના ઢગલા થઈ રહ્યા છીએ જ્યાં સુધી પાણીનો નિકાલ નહીં થાય ત્યાં સુધી આ જ પરિસ્થિતિ રહેવાની હવે અમે ફરિયાદ કરવાનું બંધ કરી દીધું વહેલી તકે આ પાણીનો નિકાલ કરી અને ચેમ્બરમાં કનેક્શન આપી દે તેવી અમારી માંગણી છે.

:- સ્થાનિક રહીશ, મહેશભાઈ.-:

સંતરામપુર, ગુજરાત સરકાર સ્વચ્છતા માટે પેટ ભરીને ગ્રાન્ટ આપે છે કે, શહેર ચોખ્ખું રહે નગર ચોખ્ખું રહે પરંતુ આ વિસ્તારમાં એક વર્ષથી કોઈ પાણીનો નિકાલ ન કરતા મુશ્કેલીમાં મુકાયા અત્યારે ચોમાસાની સિઝન ચાલી રહેલી છે. મચ્છર અને ઉપદ્રવ વધી રહ્યો છે. આ જ વિસ્તારમાં ૩૦૦ ઉપરાંત વસ્તી ધોરણમાં સ્થાનિક રહીશો વસવાટ કરી રહેલા છે અને સૌથી વધારે અહીંયાથી જ પસાર થવા માટેનો રસ્તા ઉપર ઉપયોગ કરતા હોય છે. સંતરામપુરના દરેક વિસ્તારોમાં રૂપિયા ૧૭ કરોડ ખર્ચીને ભૂગર્ભ ગટર યોજના પૂર્ણ કરવામાં આવેલી હતી, જ્યાં પાણીનો નિકાલ કરવાનો છે એની બાજુમાં જ સૌથી મોટું ભૂગર્ભ ગટરનું ચેમ્બર પણ આપેલું છે, પરંતુ નગરપાલિકાને ચેમ્બરમાં કનેક્શન આપવામાં આળસાઇ જોવા મળેલી છે. આવી સામાન્ય કામગીરી કરવામાં નગરપાલિકા નિષ્ફળ ગયેલી છે. આ જ વિસ્તારના છેલ્લા એક વર્ષથી અન્યાય થઈ રહ્યો છે તેવું જોવા મળી આવેલું છે. અગામી સમયમાં દશામાં ન તહેવારો નજીક આવી રહેલા છે ને સૌથી વધારે આ વિસ્તારમાં દશામાનું વ્રત, ગણેશ સ્થાપના, રાધાકૃષ્ણનું મંદિર અને ગરબાનું પણ મોટા પાય આયોજન થતું હોય છે. પરંતુ આવી પરિસ્થિતિમાં મોટાભાગના સ્થાનિક રહી સૌની નારાજગી જોવા મળી આવેલી છે. જો નગરપાલિકા વિસ્તારમાં સ્થાનિક રહીશોમાં ચર્ચાઓને એક વિષય બન્યો છે કે, સરકાર આટલી બધી ગ્રાન્ટ આપે છે પરંતુ સુવિધા પૂરી પાડવામાં આવતી જ નથી. જો તપાસ કરવામાં આવે દર માટે સ્વચ્છતા માટેના અને નગરની સફાઈ માટે મોટા બિલ્લો મુકાતા અને તેની પાછળ ખર્ચ પણ વધારો થઈ રહ્યો છે, જે ખરેખર તપાસનો વિષય પણ બન્યો છે.

## બાલાસીનોર સાયન્સ કોલેજમાં અગ્નિવીર તરીકે પસંદગી થયેલ વિદ્યાર્થીનું સન્માન



બાલાસિનોર, બાલાસિનોર સ્થિત નવગુજરાત સાયન્સ કોલેજના વિદ્યાર્થી યોગેશ ચૌહાણ ભારતીય સેનાની અગ્નિવીર યોજનામાં પસંદગી પામતા કોલેજ પરિવાર દ્વારા તેમનું ગૌરવપૂર્ણ સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીની આ સિદ્ધિને સમગ્ર સંસ્થા માટે ગૌરવની ક્ષણ ગણાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી સમીરભાઈ શેખ, આચાર્ય ડો.એન.આર. ચૌહાણ તથા કેમ્પસ ડિરેક્ટર ડો.ડી.પી. માછીના હસ્તે યોગેશ ચૌહાણને પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

વક્તાઓએ જણાવ્યું હતું કે, દેશસેવા માટે ભારતીય સેનામાં જોડાવું એ દરેક યુવાન માટે ગૌરવની બાબત છે. અગ્નિવીર તરીકે યોગેશ ચૌહાણની પસંદગી માત્ર તેમના પરિવાર જ નહીં પરંતુ સમગ્ર કોલેજ અને વિસ્તાર માટે પણ ગૌરવની ક્ષણ છે. તેમની આ ઉપલબ્ધિ અન્ય વિદ્યાર્થીઓને પણ દેશપ્રેમ, શિસ્ત અને રાષ્ટ્રસેવાની ભાવનાથી પ્રેરિત કરશે.કાર્યક્રમ દરમિયાન કોલેજના પ્રાધ્યાપકો, કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સન્માન સમારોહનું આયોજન કોલેજના પ્રાધ્યાપક વિમલ પ્રજાપતિ દ્વારા સુચારૂ રીતે કરવામાં આવ્યું હતું. અંતે નવગુજરાત સાયન્સ કોલેજ પરિવાર દ્વારા યોગેશ ચૌહાણને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી તેમના સફળ સૈન્ય જીવન માટે શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી હતી.

## છોટા ઉદેપુરના કઠોલી ગામેથી ઈકો ગાડીમાં લઈ જવાતો રૂ. ૨.૯૩ લાખનો દારૂ એલ.સી.બી.એ ઝડપ્યો



છોટા ઉદેપુર, છોટા ઉદેપુર જીલ્લા ક્ઈઈએ સંખેડાના કઠોલી ગામ પાસેથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડચો છે. એક ઈકો ગાડીમાંથી રૂ.૨,૯૩,૧૯૯/-ની કિંમતનો દારૂ મળી આવ્યો હતો.

જીલ્લા ક્ઈઈની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે તેમને બાતમી મળી હતી કે, કઠોલી ગામ નજીક રોડ પરથી એક ઈકો ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે ક્ઈઈની ટીમે વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન બાતમી મુજબની મારૂતિ ઈકો ગાડી આવતા તેને રોકવાનો પ્રયાસ કરાયો હતો. જોકે, ગાડી ચાલકે ગાડી ભગાવી મૂકી હતી અને થોડે આગળ જઈ ગાડી ઉભી રાખીને ફરાર થઈ ગયો હતો.

ત્યારબાદ ક્ઈઈની ટીમે ઈકો ગાડીની તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની કુલ ૧૧૪૯ બોટલો મળી આવી હતી. આ દારૂના જથ્થાની કિંમત રૂ. ૨,૯૩,૧૯૯/- આંકવામાં આવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## મહીસાગર વિરપુરના લીંબડીયા મુખ્ય માર્ગ પર વરસાદી પાણીનો જમાવડો

વિરપુર, વિરપુરના કે.સી. શેઠ આર્ટ્સ કોલેજ થી લીંબડીયા મુખ્ય માર્ગ પર વરસાદી પાણી ભરાતા સ્થાનિક રહીશોને હાલાકી ભોગવવાનો આવ્યો છે. ત્યારે રાહદારીઓ અને વાહન ચાલકોને ભારે મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે, તેમજ બ્રહ્માણી સોસાયટીના મુખ્ય પ્રવેશ માર્ગ પર ખુલ્લી ગટરો ચોકઅપ થતા એક ફૂટ જેટલુ ગટરનું દુષિત પાણી ભરાતા શાળામાં જતા નાના ભૂલકાઓને પસાર થવું દોહયેલું બન્યું છે, ત્યારે આ બાબતે ગ્રામ પંચાયતનું વહીવટી તંત્ર ઘોર નિંદ્રામાં હોય તેવું જણાઈ રહ્યું છે. ગટરો બ્લોક થવાના કારણે ગટરોનું દુષિત પાણી વરસાદી પાણીમાં ભળતા ચામડીના રોગો અને મચ્છરજન્ય મેલેરિયા જેવા રોગો થવાની સંભાવના સેવાઈ રહી છે. ત્યારે મચ્છરનો ઉપદ્રવ માજા મુકે તો નવાઈ નહિ, સ્થાનિક સોસાયટીના રહીશોની માંગ ઉઠી છે. તાત્કાલિક ડ્રેનેજ ગટરોની સાફ સફાઈ કરી વરસાદી પાણીનો યોગ્ય નિકાલ કરવામાં આવે અને રસ્તો ખુલ્લો કરવામાં આવે,આ શોપિંગ માં આશરે ૩૦ થી ૪૦ દુકાનો આવેલી છે, ત્યારે દુકાનદારો વહીવટી તંત્ર સામે લાચાર બનીને ધંધા રોજગાર પર અસર પડતા વીલા મોઢે બેસી રહેવાનો વારો આવ્યો છે.

## છોટાઉદેપુર જી.માં શિક્ષકો પર બિન-શૈક્ષણિક કામગીરીના ભારણથી શિક્ષણ ઉપર અસર જીલ્લા પંચાયત પ્રમુખને રજુઆત

ઊચાપાન, છોટાઉદેપુર જીલ્લામાં સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષકોએ જીલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્ર રાઠવા અને શિક્ષણ સમિતિના ચેરમેનને પત્ર લખી સતત વધતી બિન-શૈક્ષણિક કામગીરીને લઈને શિક્ષક વર્ગમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

ખાસ કરીને શાળાની જમીનો સરકારના નામે ચઢાવવા, રેકોર્ડ સુધારણા, મહેસૂલી દસ્તાવેજોની કાર્યવાહી અને કચેરીઓના સતત ધક્કા ખાવા જેવી કામગીરી શિક્ષકોને સોંપાતા શિક્ષણકાર્ય પર તેની સીધી અસર પડી રહી હોવાનું શિક્ષકો જણાવી રહ્યા છે.

શિક્ષકોના જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું તેમની મુખ્ય જવાબદારી છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી વિવિધ વહીવટી અને બિન-શૈક્ષણિક કામગીરીનો બોજ સતત વધતો જતાં વર્ગખંડમાં વિદ્યાર્થીઓને પૂરતો સમય આપી શકાતો નથી.

શાળાની જમીન સંબંધિત મહેસૂલી પ્રક્રિયા અત્યંત ટેકનિકલ અને કાયદાકીય બાબત હોવાથી તે કામગીરી મહેસૂલ વિભાગ દ્વારા જ કરવામાં આવે તેવી શિક્ષકોની માંગ છે. શિક્ષક સંગઠનોનું કહેવું છે કે, જમીનના દાખલા, ૭/૧૨, હક્કપત્રક, માપણી, નામદાખલ સહિતની કાર્યવાહી માટે શિક્ષકોને વારંવાર મહેસૂલ કચેરીઓના ધક્કા ખાવા પડે છે, જેના કારણે શિક્ષણકાર્ય ખોરવાય છે. અને વિદ્યાર્થીઓને પણ તેની અસર ભોગવવી પડે છે.

શિક્ષકોએ રાજ્ય સરકાર સમક્ષ માંગ કરી છે કે શાળાની જમીન સરકારના નામે કરવાની સમગ્ર પ્રક્રિયા મહેસૂલ વિભાગને સોંપવામાં આવે અને શિક્ષકોને આવી બિન-શૈક્ષણિક કામગીરીમાંથી મુક્ત કરવામાં આવે. જેથી શિક્ષકો સંપૂર્ણ સમય શિક્ષણકાર્યમાં આપી વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકે.

**જાહેર નોટીસ મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા**

અરજદારઃ- વ્હોરા બિલકીસબીબી ગુલામભાઇ તે વ્હોરા ઉંમરભાઇ જમાલભાઇની દિકરી,રહે.ફીણાવ, તા.ખંભાત,જી.આણંદ.

વિરુદ્ધ

સામાવાળાઃ- જન્મ-મરણ સબરજીસ્ટારશ્રી,નગરપાલીકા શહેરા,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના ભાઇ નામે વ્હોરા મોહંમદરફીક ઉમરભાઈનું તા.૧૧/૦૭/૧૯૭૨ તથા ભાઈ વ્હોરા યાસીનભાઈ ઉમરભાઈનું તા.૦૧/૦૬/૧૯૭૮ ના રોજ મોજે.શહેરા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે ભાઈઓના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૫૫૪/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો. આજ તા. ૦૮, માહેઃ- જુલાઈમને ૧૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

**જાહેર નોટીસ મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા**

અરજદારઃ-શેખ મહંમદ મુસ્તાક હાફીજઅબ્દુલરહીમ,રહે.શહેરા, તા.શહેરા,જી.પંચમહાલ.

વિરુદ્ધ

સામાવાળાઃ- જન્મ-મરણ સબરજીસ્ટારશ્રી,નગરપાલીકા શહેરા,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના બહેન નામે શેખ આમીનાબીબી હાફીઝ અબ્દુલરહીમનું તા.૨૧/૦૬/૧૯૫૧ તથા ભત્રીજી નામે શેખ શહેનાજબીબી અબ્દુલસતતારનું તા.૦૫/૦૬/૧૯૮૭ ના રોજ મોજે.શહેરા, તા. શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે બહેન/ભત્રીજીના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૫૪૮/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો. આજ તા. ૦૮, માહેઃ- જુલાઈસને ૧૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

**જાહેર નોટીસ મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા**

અરજદારઃ -શેખ બુરહાન ગુલામનબી,રહે.શહેરા, તા.શહેરા,જી.પંચમહાલ.

વિરુદ્ધ

સામાવાળાઃ- જન્મ-મરણ સબરજીસ્ટારશ્રી,નગરપાલીકા શહેરા,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના બહેન નામે શેખ આરેફા ગુલામનબીનું તા.૨૬/૦૧/૧૯૭૨ તથા બહેન નામે ભાઈ શેખ ઈમરાન ગુલામનબીનું તા.૧૨/૦૭/૧૯૮૦ ના રોજ મોજે.શહેરા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે બહેન/ભાઇના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૫૪૯/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો. આજ તા. ૦૮, માહેઃ- જુલાઈસને ૧૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

# કલારાણી થી પાવીજેતપુર સુધી નવી બસ સેવા શરૂ કરતા વિદ્યાર્થીઓને રાહત



છોટા ઉદેપુર, પાવીજેતપુર તાલુકાના કલારાણીથી પાવીજેતપુર સુધી નવી એસ.ટી. બસ સેવા શરૂ કરવામાં આવી છે. આ બસ સેવા વાયા કોહીવાવ, ચુડેલ અને ભેંસાવહી થઈને પસાર થશે. આનાથી ભેંસાવહી હાઈસ્કૂલના ૫૦થી વધુ વિદ્યાર્થીઓને તેમજ અંતરિયાળ ગામોના ગ્રામજનોને તાલુકા મથક સાથે સીધું જોડાણ મળતા મોટી રાહત થઈ છે.

અગાઉ વાવડી, કોશિયા, કોહીવાવ, તંબોલીયા, ચુડેલ જેવા ગામોના વિદ્યાર્થીઓને શાળાએ પહોંચવામાં ઘણી મુશ્કેલી પડતી હતી. જાહેર પરિવહનની સુવિધાના અભાવે તેમને ખાનગી વાહનોમાં જોખમી રીતે મુસાફરી કરવી પડતી હતી. સમયસર શાળાએ ન પહોંચી શકવાને કારણે તેમના અભ્યાસ પર પણ નકારાત્મક અસર થતી હતી.

આ સમસ્યાને ધ્યાનમાં રાખીને ભેંસાવહી હાઈસ્કૂલના આચાર્ય ડી.સી. કોલીએ સંબંધિત વિભાગ સમક્ષ રજૂઆત કરી હતી. આ ઉપરાંત, જીલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈએ પણ આ બાબતે રસ લઈને જરૂરી કાર્યવાહી કરાવી હતી, જેના પરિણામે આ નવી બસ સેવા શરૂ થઈ છે.

નવી બસ સેવા અંતર્ગત, બસ કલારાણી ખાતે રાત્રિ રોકાણ કરશે. સવારે કલારાણીથી નીકળી, માર્ગમાં આવતા અંતરિયાળ ગામોમાંથી વિદ્યાર્થીઓને લઈ અંદાજે સવારે ૧૦ વાગ્યા સુધીમાં ભેંસાવહી હાઈસ્કૂલ પહોંચશે. શાળા છૂટયા બાદ વિદ્યાર્થીઓને પરત તેમના ગામે પહોંચાડવા માટે પણ અનુકૂળ સમયપત્રક ગોઠવવામાં આવ્યું છે.

આ નવી બસ સેવા માત્ર વિદ્યાર્થીઓ માટે જ નહીં, પરંતુ કલારાણી, કોહીવાવ, ચુડેલ, ભેંસાવહી સહિતના અંતરિયાળ ગામોના લોકો માટે પણ પાવીજેતપુર તાલુકા મથક સુધીની અવરજવર સરળ બનાવશે. આનાથી શિક્ષણ ઉપરાંત આરોગ્ય સેવાઓ, સરકારી કામગીરી અને રોજિંદા વ્યવહારમાં પણ મોટી સુવિધા પ્રાપ્ત થશે.

# રથયાત્રાને લઈ બાલાસિનોરમાં શાંતિ સમિતિની બેઠક સર્વ સમાજે આપ્યો સહયોગ




બાલાસિનોર, આગામી ભગવાન જગન્નાથજીની પવિત્ર રથયાત્રા શાંતિપૂર્ણ, સુરક્ષિત અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી બાલાસિનોર પોલીસ દ્વારા સિદ્ધનાથ મહાદેવ ખાતે આવેલા સિદ્ધનાથ પાર્ટી પ્લોટમાં શાંતિ સમિતિની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

મહીસાગર જીલ્લા પોલીસ અધિક્ષક (એસપી) સફિન હુસેનના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં ડીવાયએસપી કમલેશ વસાવા, બાલાસિનોર પોલીસ ઈન્સ્પેક્ટર બી. એમ. પટેલ, વિવિધ પોલીસ અધિકારીઓ, શહેરના વિવિધ સમાજોના આગેવાનો, ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, વેપારી એસોસિએશનના હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.બેઠક દરમિયાન ભગવાન જગન્નાથજીની રથયાત્રાના રૂટ, ચુસ્ત પોલીસ બંદોબસ્ત, ટ્રાફિક વ્યવસ્થા, સુરક્ષા આયોજન, સંવેદનશીલ વિસ્તારોમાં દેખરેખ તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉપસ્થિત આગેવાનોએ પણ પોતાના સૂચનો રજૂ કરતાં શાંતિપૂર્ણ માહોલમાં રથયાત્રા યોજાય તે માટે પૂર્ણ સહયોગ આપવાની ખાતરી વ્યક્ત કરી હતી.

એસપી સફિન હુસેને જણાવ્યું હતું કે, રથયાત્રા દરમિયાન કોઈપણ પ્રકારની અફવા, ઉશ્કેરણીજનક પ્રવૃત્તિ કે કાયદો-વ્યવસ્થાને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ સહન કરવામાં આવશે નહીં. સોશિયલ મીડિયામાં ભ્રામક માહિતીથી દૂર રહેવા અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા નાગરિકોને અપીલ કરવામાં આવી હતી.

બેઠકના અંતે પોલીસ તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે, ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિર્વિઘ્ને અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે સમગ્ર રૂટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત, ટ્રાફિક નિયંત્રણ અને જરૂરી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવશે. તમામ સમાજના આગેવાનો અને નાગરિકોએ પણ ભાઈચારો અને સૌહાર્દ જાળવી રથયાત્રાને સફળ બનાવવા પોલીસ તંત્રને સંપૂર્ણ સહયોગ આપવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો.

# સંખેડા સમગ્ર શિક્ષા કચેરીમાં વિમલ પટેલ સહિત ત્રણ અધિકારીનો વિદાય સમારંભ યોજયો



સંખેડા, સંખેડાની સમગ્ર શિક્ષા કચેરી ખાતે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રદીપભાઈ પટેલની અધ્યક્ષતામાં વિદાય સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમમાં BRC વિમલભાઈ પટેલ સહિત ત્રણ અધિકારીઓને જીલ્લા ફેરબદલી થતાં વિદાય આપવામાં આવી હતી.

વિદાય લેનારા અધિકારીઓમાં BRC વિમલભાઈ પટેલ, દેરોલી CRC શૈશિલભાઈ પટેલ અને લોટીયા CRC મનોજભાઈ પટેલનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમ તાલુકાની SOP મીટિંગ સાથે યોજાયો હતો. જેમાં નંદપુરના CRC દિવ્યેશભાઈ સુથારને BRC સંખેડાનો વધારાનો ચાર્જ સોંપાતા તેમનો સત્કાર કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સમગ્ર શિક્ષા કચેરીનો તમામ સ્ટાફ, ભૂતપૂર્વ CRC અને બ્લોક MIS સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમ બાદ પ્રીતિ ભોજનનું પણ આયોજન કરાયું હતું.

**જાહેર નોટીસ મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા**

અરજદારઃ-શેખ ઉર્ફે સંભાલીવાલા મોહસીન યુનુસ,રહે.શહેરા, તા.શહેરા,જી.પંચમહાલ

વિરુદ્ધ

સામાવાળાઃ- જન્મ-મરણ સબરજીસ્ટારશ્રી,.નગરપાલીકા શહેરા,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના બહેન નામે શેખ સાજેદાબીબી યુનુસનું તા.૨૦/૦૫/૧૯૮૧ ના રોજ મોજે.શહેરા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે બહેનના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૫૫૦/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો. આજ તા. ૦૮, માહેઃ- જુલાઈમને ૧૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

**જાહેર નોટીસ મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા**

અરજદારઃ- બારીયા અલ્પેશભાઈ શંકરભાઈ, રહે.બોરીયા, તા. શહેરા,જી.પંચમહાલ.

વિરુદ્ધ

સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી,બોરીયા,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પુત્રી નામે બારીઆ કલ્પનાબેન અલ્પેશભાઈનું તા.૨૦/૦૨/૨૦૧૮ ના રોજ મોજે.બોરીયા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પુત્રીના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૯૧/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો. આજ તા. ૦૮, માહેઃ- જુલાઈ સને ૧૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

## આપની આજ.......

મેષઃઆજે તમે મહત્વની કોઈ યોજના શરુ કરશો. યોજના સફળતાથી પૂર્ણ થતાં એકાદ વર્ષનો લાંબો સમય લાગી શકે છે. આ સમય દરમિયાન તણાવથી દૂર રહીને કામ પર ધ્યાન આપજો.

વૃષભઃ આજે તમારા જીવનમાં એક મહત્વપૂર્ણ પરિવર્તન આવી શકે છે. બની શકે છે કે એના લીધે જીવનમાં કપરો સમય આવે, પરંતુ યાદ રાખજો દરેક રાતનો દિવસ ઉગે છે.

મિથુનઃઆજે તમે પ્રસન્ન રહેશો. ઘર હોય કે ઓફિસ આજે દરેક સ્થળે તમે આરામદાયક અને વૈભવી વાતાવરણનો લાભ ઉઠાવશો. ધનપ્રાપ્તિથી આજે સંતોષ અનુભવશો. સંધ્યાકાળે પરિવાર અને મિત્રો માટે ઉદાર વર્તન રાખશો.

કર્કઃ સહકર્મચારીઓના સહયોગથી આજે તમે કોઈ મોટુ કામ સફળતાથી પાર પાડી શકશો. આ સિવાય આજે કોઈ વરિષ્ઠ વ્યક્તિના સામેલ થવાથી લાંબા સમયથી ચાલતો પારિવારિક વિવાદનો અંત આવી શકે છે.

સિંહઃ આજે આરોગ્ય બાબતે સાવચેતી રાખજો અને અનિયમિત ભોજન પર અંકુશ રાખજો. ધ્યાનમાં રાખજો કે કોઈપણ વસ્તુની અતિશિયોક્તિ નુકસાન કરી શકે છે.

કન્યાઃ આજે અંગત સંબંધ પ્રેમભર્યો અને સહયોગવાળો રહેશે. આરોગ્ય સારું રહેવાથી અલગ-અલગ કાર્યોમાં સક્રિયતાથી ભાગ લઈ શકશો. પાર્ટનર સાથે મળીને તમે સંસાધનો ભેગા કરવામાં સફળ રહેશો.

તુલા આજે આશાઓ પૂરી ના થતાં બેચેની રહી શકે છે. અંગત સંબંધોમાં પણ વિખવાદ ઉભો થઈ શકે છે. આજે એક વાતની સ્વીકારી લેજો કે જીવનમાં જ્યારે પણ તમને જરુર પડશે ત્યારે પારિવારિક સંબંધોમો ફેરવી લેશે.

વૃશ્ચિકઃઆજે ત્રિકોણીય વ્યાપારી ભાગીદારી કે સંબંધોથી લાભ મળી શકે છે, પરંતુ અંગત સંબંધોમાં ત્રિકોણીય સંબંધો તમારા જીવનમાં મુશ્કેલીઓ ઉભી કરી શકે છે.

ધનઃ આજે સ્વાસ્થ અને નાણાંકીય બાબતે ખાસ ધ્યાન રાખવાની જરુર છે. બીજા લોકોના કામ માટે વધારે પડતી શક્તિ કે ઉર્જાનો વ્યય ના કરશો, કારણ કે આવા લોકો એક પછી એક મદદ માંગતા જ રહેશે.

મકરઃ જીવનના ખરાબ અનુભવોથી શીખ લેજો. ભૂતકાળ ભૂલીને વર્તમાનમાં આગળ વધજો. આજે કામના સ્થળે અણધાર્યા ફેરફાર થવાની સંભાવના રહેલી છે. જે તમારા માટે શુભ સાબિત થઈ શક છે.

કુંભઃ આજે શારીરિક કે માનસિક રીતે હેરાન હોવા છતાંય તમે જે કામ સાહસ સાથે કરશો એમાં સફળતા મેળવશો. ઓફિસ અને ઘરે સંઘર્ષનો સામનો કરવો પડી શકે છે. બપોર પછી પરિસ્થિતિઓ સુધરતી જોવા મળશે.

મીનઃ આજે તમારું ભાગ્ય મહત્વની ભૂમિકા ભજવશે. જીવનના તમામ ક્ષેત્રોમાં તમે પ્રગતિની દિશા પર આગળ વધશો. તમારા કામને લઈને મહત્વના નિર્ણયો અને પેમેન્ટ મળ્યા પછી વ્યવસાયમાં આગળ વધશો.

**દાહોદ આવૃત્તિ**

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

# વરસતા વરસાદમાં જગતનો તાત લાચારઃ ગરબાડામાં ખાતર માટે ચંપલની લાંબી લાઈનો !

ગરબાડા,

ગરબાડા પંથકમાં મેઘરાજાની સાર્વત્રિક પધરામણી થતાં જ ધરતીપુત્રોમાં આનંદનો માહોલ છવાયો છે. વરસાદ વરસતાની સાથે જ ખેડૂતો જોરશોરથી વાવણીના કામમાં લાગી ગયા છે. પરંતુ, આ કપરા સમયે જ્યારે ખેડૂતને ખાતરની સૌથી વધુ જરૂર છે, ત્યારે તંત્રની નબળી આયોજન ક્ષમતાને કારણે જગતના તાતને ખાતર મેળવવા માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આજે ગરબાડાના ખાતર ડેપો પર એક હૃદયદ્રાવક દ્રશ્ય જોવા મળ્યું હતું. ધોધમાર વરસતા વરસાદની વચ્ચે પણ ખેડૂતો વહેલી પરોઢથી જ ખાતર લેવા માટે લાંબી લાઈનોમાં ઊભા રહી ગયા હતા. આખું વર્ષ મહેનત કરીને જગતની જઠરાગ્નિ ઠારતા ખેડૂતો આજે પોતે ખાતરની એક ગુણી માટે કલાકો સુધી વરસાદમાં પલળવા મજબૂર બન્યા છે.

વરસાદનું જોર વધતાં ખેડૂત લાઈનમાંથી ખસીને ઓથ લેવા મજબૂર બન્યા હતા. પરંતુ પોતાની જગ્યા ન બદલાય તે માટે ખેડૂતોએ લાઈનમાં પોતાના ઘસાયેલા પગરખાં (ચંપલ અને બૂટ) ગોઠવી દીધા હતા. જોતજોતામાં ખાતર ડેપોની બહાર માણસોની જગ્યાએ પગરખાંની લાંબી કતાર જોવા મળી હતી. ભાસ્કરના કેમેરામાં કેદ થયેલી આ તસવીર ખેડૂતોની લાચારી અને તંત્રની ઉદાસીનતાની ચાડી ખાય છે.



ચોમાસું આવતાની સાથે જ ખાતરની અછત અને ખેડૂતોની હાલાકીના દ્રશ્યો દર વર્ષે જોવા મળે છે. વહેલી સવારથી લાઈનોમાં ઊભા રહેવા છતાં ઘણા ખેડૂતોને ખાતર મળતું નથી. ત્યારે સવાલ એ ઊભો થાય છે કે, ખેડૂતોના ઘસાયેલા પગરખાંની આ લાઈન જોઈને પણ વહીવટી તંત્રની આંખો ઉઘડશે ખરી? શું ખેડૂતોને પૂરતા પ્રમાણમાં અને સરળતાથી ખાતર મળી રહેશે કે પછી દર વર્ષની જેમ આ વર્ષે પણ જગતનો તાત માત્ર વલખાં જ મારતો રહેશે?

# દે.બારીયાના આંકલીના સરપંચ એ.સી.બી.ના ટ્રેપમાં ઝડપાયા, રૂા.૫૦ હજારની લાંચ સ્વીકારતા રંગેહાથ પકડાયા

દાહોદ,

દેવગઢ બારિયાઃ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (એ.સી.બી.)ને દેવગઢબારિયામાં મહત્વની સફળતા મળી છે. આંકલી ગામના સરપંચ રમેશભાઈ ભીખાભાઈ બારીયાને રૂ. ૫૦,૦૦૦ની લાંચ સ્વીકારતા એ.સી.બી.એ રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

ફરિયાદી એક જાગૃત નાગરિકે એ.સી.બી.નો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, લગભગ પંદર દિવસ અગાઉ ફરિયાદીના ખેતરમાંથી અંગ્રેજી દારૂ ઝડપાયો હતો. તે સમયે ફરિયાદી ઘરે હાજર ન હતા. ત્યારબાદ સરપંચ રમેશભાઈ બારીયાએ પોતે વચેટિયા હોવાનું જણાવી પોલીસમાં ચાલતો દારૂનો કેસ રૂ. ૫૦,૦૦૦માં પતાવી આપવાની વાત કરી હતી. ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો.

ફરિયાદના આધારે એ.સી.બી.એ છટકું ગોઠવ્યું હતું. દેવગઢબારિયા તાલુકા પંચાયત સામે તળાવ પાસેથી સમડી સર્કલ તરફ જતા માર્ગ પર આરોપીએ ફરિયાદી પાસેથી રૂ.૫૦,૦૦૦ની લાંચ સ્વીકારતા જ એ.સી.બી.ની ટીમે તેને રંગેહાથ ઝડપી લીધો હતો. લાંચની સંપૂર્ણ રકમ પણ કબજે લેવામાં આવી હતી.

આ ટ્રેપની કાર્યવાહી પી.આઈ. એચ.પી. કરેણ અને એ.સી.બી. ગોધરાની ટીમે હાથ ધરી હતી. સમગ્ર કામગીરી મદદનીશ નિયામક બી.એમ. પટેલના સુપરવિઝન હેઠળ તથા નાયબ નિયામક બળદેવ દેસાઈ (IPS)ના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. હવે આરોપી



સામે ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# દે.બારીયા તાલુકા મેલેરીયા કચેરીના દ્વારા વેકટર કંટ્રોલ ટીમને કાર્યરત કરાઈ

દે. બારીયા,

દે. બારીયા શહેરમાં મેલેરીયાના કેસો વધુના વકરે તેના તકેદારીના સ્વરૂપે વેકટર કંટ્રોલ ટીમને તા.૦૧/૦૭/૨૦૨૬ થી હંગામીના ધોરણે તદ્દન માનદ વેતન ઉપર ઓર્ડર અપાયાના અહેવાલ પ્રાપ્ત થયા છે. માત્ર શહેરના પુરતું વેકટર કંટ્રોલ ટીમને કાર્યત કરી છે. ગ્રામીણ માટે કોઈ વેકટર કંટ્રોલ ટીમને કાર્યરત કરી નથી. શહેરમાં દેખાવ પૂરતા ટીમ મોકલી ખાના પુરતી તો કરાતી નથી તે મોટો સવાલ ઉપસ્થિત થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરમાં કુલ છ વોર્ડ છે અને તાલુકા મેલેરીયા કચેરીના દ્વારા માત્ર કુલ છ કર્મીઓને વર્ક કરવાના હુકમો આપ્યા છે. ગ્રામીણમાં કેમ નહી તે યક્ષ પ્રશ્ન છે. શું ? ગ્રામ્યમાં મેલેરીયાના મેડીશ માદા મચ્છરો પેદા નહિ થતા હોય તા.૦૭/૦૭/૨૦૨૬ના બુધવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કર્મીઓ ડેમો ફોમ નામની લીકવીડના સ્વરૂપમાં દવા ઢાંકણ પાણીના ટાંકામાં નાખતા જોવા મળ્યા હતા. આ કર્મીઓ ઓછા વેતને હંગામીના ધોરણે સેવા વર્ષોથી બજાવે છે. હાલમાં આ કર્મીઓનો પગારનો પરિપત્ર ૪૧૨ ના લેખે આપવાનું નકકી થયેલ છે. તેમ છતાં આ કર્મીઓને માત્ર રૂા.૨૬૨ના લેખે પગાર ચુકવણી કરાય છે. શું ? પરિપત્રનો તારીખ થીતેઓને રૂા.૪૧૨ ના લેખે વધારાનું ડીફરન્સ ચુકવવામાં આવશે ખરું ? તેવું હંગામીકક્ષાના કમી મીટ માંડીને આશા સેવી રહ્યા છે.



# દાહોદ નવજીવન સાયન્સ કોલોની ઐશ્વર્યા ક્ષત્રિયએ બોટની વિષય પર પી.એચ.ડી.ની પદવી મેળવી



દાહોદ,

દાહોદ અનાજ મહાજન સા.એજયુ. સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજના પ્રોફેસર ડો. કલ્પેશભાઈ જે.મહેતાના માર્ગદર્શન હેઠળ તેમની વિદ્યાર્થીની ઐશ્વર્યા ક્ષત્રિયએ ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ બોટની (વનસ્પતિશાસ્ત્ર) વિષયમાં સંશોધન કાર્ય પૂર્ણ કરી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી તરફથી પીએચ.ડી.ની પદવી મેળવી છે.

આ વિશેષ સિદ્ધિ બદલ માર્ગદર્શક પ્રોફેસર અને વિદ્યાર્થીનીને કોલેજના આચાર્ય ડો.ગૌરાંગ ખરાદી તથા તમામ કોલેજ સ્ટાફ મિત્રો તરફથી ખૂબ-ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# દાહોદ કલેકટરની અધ્યક્ષતા હેઠળ કુટિર જ્યોતિ યોજના અંતર્ગત વીડીયો કોન્ફરન્સ યોજાઈ



દાહોદ,

દાહોદ કલેકટર કચેરી ખાતે કલેકટર સુરભિ ગૌતમની અદયક્ષતા હેઠળ કુટિર જ્યોતિ યોજના અંતર્ગત વિડિઓ કોન્ફરન્સ યોજવામાં આવી આ અન્વયે કલેકટરએ કુટિર યોજના હેઠળ દાહોદ જીલ્લામાં થયેલ કામગીરી વિશે સમીક્ષા કરી હતી. જેમાં કુટિર જ્યોતિ યોજનાના લાભ માટે આવેલ અરજીઓ, યોજના અંગેની બાકી કામગીરી, એમ.જી.વી.સી.એલ. કરવાની થતી કામગીરી, સર્વે ની કામગીરી વિશે સમીક્ષા કરવામાં આવી હતી. ડોક્યુમેન્ટેશનની કામગીરી તેમજ કલેકટરએ અમલીકરણ સૌ

અધિકારીઓને આ યોજના અંગેની કામગીરી સમયસર પૂર્ણ કરવા માટેની સૂચના સહિત માર્ગદર્શન આપ્યું હતું. આ દરમ્યાન પ્રાયોજના વહીવટદાર પ્રતિકૂજૈન, નિવાસી અધિક કલેકટર જે.એમ.રાવલ સહિત એન્જીનિયર એમ.જી.વી.સી.એલ. તેમજ વર્ચ્યુઅલ માદયમ થકી પ્રાંત અધિકારીઓ, મામલતદારો, ડેપ્યુટી એન્જીનિયર તેમજ સંબંધિત અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાહતા.




Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 29, No.271

# પંચમહાલ-મહીસાગરમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીઃ સાર્વત્રિક વરસાદથી ખેડૂતોએ વાવણીના શ્રી ગણેશ કર્યા

**ચોમાસુ જામ્યું; ખાનપુરમાં ૪ ઈંચ, ગોધરા-દાહોદ અને કોઠંબામાં બે ઈંચ, વરસાદી માહોલમાં તાપમાન ગગડ્યું.**



ગોધરા,

પંચમહાલ, મહીસાગર અને દાહોદ જીલ્લામાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતાં સાર્વત્રિક વાવણીલાયક વરસાદ નોંધાયો છે. મહીસાગરના ખાનપુરમાં સૌથી વધુ ૪ ઈંચ (૯૮ મીમી) જ્યારે દાહોદ તાલુકામાં બપોરે ૨ થી ૬ દરમિયાન પોણા બે ઈંચ (૪૬ મીમી) વરસાદ ખાબક્યો હતો.

પંચમહાલના ગોધરા અને કોઠંબામાં પણ પોણા બે ઈંચ વરસાદ પડ્યો છે. આ અતિવૃષ્ટિથી તાપમાનનો પારો ગગડીને ૨૭ ડિગ્રીએ પહોંચતાં અસહ્ય બફારામાંથી મુક્તિ મળી છે. જોકે, નીચાણવાળા વિસ્તારો અને રસ્તાઓ પર પાણી ભરાતાં જનજીવન પ્રભાવિત થયું છે. હવામાન વિભાગે ૧૧ જુલાઈ સુધી ગાજવીજ અને તેજ પવન સાથે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ પંચમહાલમાં ચોમાસાએ જમાવટ કરી હતી. મંગળવારે વહેલી સવારે વિજળીના કડાકા સાથે વરસાદ ચાલુ થયો હતો. જીલ્લામાં સાંવત્રિક વરસાદ પડતા ખેડૂતો વાવણીમાં જોતરાયા હતા. ગોધરાના નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા.જયારે કલેકટર કચેરી પાસે રોડ બેસી જતા મોટો ભુવો પડી ગયો હતો.

મહિસાગર જીલ્લામાં વહેલી સવારે વરસાદ તોફાની આગમન કર્યુ હતું. જેમાં ખાનપુર તાલુકામાં ૪ ઈંચ વરસાદ નોંધાયો હતો. વરસાદના પગલે તાપમાનનો પારો ગગડીને ૨૭ ડીગ્રી સુધી પહોચતાં ઠંડક પ્રસરી ગઈ હતી.

દાહોદ જીલ્લામાં સાંજે ૬ વાગ્યા સુધીમાં દાહોદમાં ૪૬ મીમી નોંધાયો હતો. જયારે અન્ય તાલુકામાં વાદળિયા માહોલમાં છૂટા છવાયો વરસાદ નોંધાયો હતો. ધોધમાર વરસાદના કારણે દાહોદ શહેરના દર્પણ ટોકીઝ રોડ સહિતના અનેક માર્ગો પર વરસાદી પાણી ભરાઈ જતાં દુકાનદારો, વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

૧૧ જુલાઇ સુધી ગાજવીજ સાથે વરસાદની સંભાવના હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ ૮થી ૧૧ જુલાઈ દરમિયાન જીલ્લામાં ગાજવીજ, વીજચમકારા અને હળવાથી મદયમ વરસાદની શક્યતા છે. ખાસ કરીને બુધવારે ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની સંભાવના હોવાથી નાગરિકોને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે. જોકે ૧૨ અને ૧૩ જુલાઈએ વરસાદનું જોર ઘટી હવામાન મુખ્યત્વે સૂકું રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

પંચમહાલ- મહીસાગર જીલ્લાનાવરસાદના આંકડા મહીસાગર જીલ્લામાં ખાનપુર ૯૮ મી.મી, કોઠંબામાં ૪૯ મિમી, વિરપુરમાં૩૮ મિમી, કડાણામાં ૩૫ મિમી, લુણાવાડામાં ૨૯ મિમી, સંતરામપુરમાં ૨૪મી.મી, બાલાસિનોરમાં ૨૧ મિમી અને ગોધરમાં ૯ મિમી વરસાદ નોંધાયોહતો. જયારે પંચમહાલ જીલ્લાના શહેરા ૧૦ મિમી, મોરવા(હ)૧૧ મિમી,ગોધરા ૪૩ મિમી, કાલોલ ૨૧ મિમી, ઘોઘંબા ૩૭ મિમી, હાલોલ ૩૪ મિમીતથા જાંબુઘોડા ૪૧ મિમી વરસાદ નોંધાયો હતો.

# શહેરાના કેશવ મેદાન પાસે આવેલી સોસાયટીમાં પીવાના પાણીની વિકટ સમસ્યા હલ કરવામાં પાલિકાને રસ કેમ નથી?

- શહેરાના કેશવ મેદાન પાસે આવેલી સોસાયટીના રહીશો પીવાના પાણી માટે વલખાં મારવા મજબૂર...
- કેશવ મેદાન પાસે આવેલી સોસાયટીમાં પીવાના પાણીની લાઇન જ ન હોવાથી પાણી સમસ્યાથી રહીશો પરેશાન.

શહેરા,

શહેરા નગરના અણીયાદ ચોકડી વિસ્તારમાં કેશવ મેદાન પાસે આવેલી સોસાયટીના રહીશો આજે પણ ૨૧મી સદીમાં પીવાના પાણી માટે વલખાં મારી રહ્યા છે. આ વિસ્તારમાં પીવાના પાણીની લાઇન ન હોવાને કારણે સ્થાનિક રહીશોને પાણી ભરવા માટે દૂર-દૂર સુધી ભટકવું પડી રહ્યું છે. પાલિકા તંત્રને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં પણ તંત્રના બહેરા કાને આ પોકાર સંભળાતી નથી, જેને કારણે સ્થાનિકોમાં તંત્ર સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો હતો.

શહેરા નગરના અણીયાદ ચોકડી વિસ્તારમાં કેશવ મેદાન પાસે આવેલી આ સોસાયટીમાં વર્ષોથી લોકો વસવાટ કરે છે, પ્રાથમિક સુવિધા સમાન પીવાનું પાણી મેળવવા માટે સ્થાનિક રહીશોને રોજિંદા ધોરણે ભારે હાલાકી ભોગવવી પડે છે. સોસાયટીમાં પાણીની લાઇન ન હોવાથી સ્થાનિક રહીશોને દૂર આવેલા અન્ય વિસ્તારમાં પાણી ભરવા માટે જવું પડે છે. પાણી લાવવા પાછળ જ લોકોનો કિંમતી સમય અને શક્તિ વેડફાઈ રહ્યા છે, જેના કારણે રોજિંદા કામકાજ પર પણ માઠી અસર પડી રહી છે. આ ગંભીર પીવાના પાણીની સમસ્યા અંગે સોસાયટીના અગ્રણીઓ અને રહીશો દ્વારા નગરપાલિકા કચેરી ખાતે અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં પીવાના પાણીની સમસ્યા હલ થઈ નથી,આ વિસ્તારના જાગૃત નાગરિકોનું કહેવું છે કે, જો નગરપાલિકા તંત્ર દ્વારા કેશવ મેદાન પાસેની સોસાયટીમાં વહેલી તકે પીવાના પાણીની નવી પાઇપલાઇન નાખવામાં આવે, તો જ આ કાયમી સમસ્યાનો અંત આવી શકે તેમ છે.ઉલ્લેખનીય છે કે, આ સોસાયટી નગરના એક મહત્વના વિસ્તારમાં આવેલી હોવા છતાં પાલિકા તંત્ર દ્વારા તેની આ પ્રકારે ઘોર ઉપેક્ષા કરવામાં આવી રહી છે, જે તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉભા કરે છે. નગરના પાયાના વિસ્તારમાં જ જો આવી પરિસ્થિતિ હોય, તો અંતરિયાળ વિસ્તારોની સ્થિતિ શું હશે તે કલ્પના કરવી જ રહી. અહીંના રહીશોની આ વાજબી માંગણી સામે આંખ આડા કાન કરનાર પાલિકા પ્રશાસન આખરે આ ગંભીર સમસ્યા ક્યારે હલ કરશે? શું સોસાયટીના રહીશોને તેમના હકનું પીવાનું પાણી મેળવવા માટે હજુ કેટલા સમય સુધી વલખાં મારવા પડશે? તેવા અનેક સવાલો અત્યારે સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યા છે.

# કાલોલમાં સરકારી કચેરીઓ સામેનો કચરો પાલિકા તંત્રએ હટાવાયો



કાલોલ,

ગતરોજ પ્રકાશિત થયેલા અહેવાલની તાત્કાલિક અસર જોવા મળી છે. કાલોલ પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરીની બિલકુલ સામે છેલ્લા ઘણા સમયથી જામેલા ગંદકીના ઢગને આખરે પાલિકા તંત્ર દ્વારા સાફ કરવામાં આવ્યું છે. ગત રોજના સ્થાનિક પ્રત્રોના અહેવાલમાં જણાવાયું હતું કે, આ જગ્યાએ મટન અને ચિકનની દુકાન ધરાવતા કેટલાક બેજવાબદાર તત્વો દ્વારા કતલ કરેલા જાનવરોના અંગો, હાડકાં, મરઘીના પીંછા તેમજ માછલીના અવશેષો અને ગંધ મારતો કચરો પ્લાસ્ટિકની થેલીઓમાં ભરીને જાહેરમાં ફેંકવામાં આવે છે. જ્યાં સૌથી ચોંકાવનારી બાબત એ હતી કે, કાયદો-વ્યવસ્થા અને વહીવટની પ્રતિક ગણાતી પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરીથી માત્ર થોડા ડગલાં દૂર આટલી ગંદકી હોવા છતાં કોઈ કાર્યવાહી થતી ન હતી. પરિણામે રખડતાં કૂતરા અને અન્ય જાનવરો આ કચરાને ઢસડીને મુખ્ય માર્ગ પર ફેલાવી દેતા હતા. જેના કારણે સમગ્ર વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ પ્રસરી ગઈ હતી અને રોગચાળો ફેલાવાનું જોખમ વધી ગયું હતું જ્યાં આ અહેવાલ સ્થાનિક પેપરોમાં પ્રકાશિત થયા બાદ તંત્ર દોડતું થયું હતું. આજે બપોરે પાલિકાના કર્મચારીઓ અને સફાઈ કામદારોની ટીમે ઘટનાસ્થળે પહોંચીને ગંદકીના ઢગલા દૂર કરી સંપૂર્ણ સફાઈ કામગીરી હાથ ધરી સમગ્ર વિસ્તારમાં દવાનો છંટકાવ કરવામાં આવ્યું છે, ત્યારે સ્થાનિક લોકોએ સ્થાનિક સમાચાર પ્રત્રોના પ્રત્રકારો અને પાલિકા તંત્રની આ પહેલને આવકારી છે. સાથે જ લોકોની માંગ છે કે ભવિષ્યમાં આવી ગંદકી ન થાય તે માટે અહીં સીસીટીવી કેમેરા લગાવવામાં આવે અને કચરો ફેંકતા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે સ્થાનિક રહીશોએ માંગ કરી છે. ત્યારે તંત્રની આ ત્વરિત કાર્યવાહીથી સરકારી કચેરીઓની આસપાસનો વિસ્તાર હવે સ્વચ્છ બન્યો છે.

# ગોધરા કલેકટર કચેરી સંકુલના ડી.આર.ડી.એ. કચેરીના પ્રવેશ દ્વાર પાણી ભરાતા અરજદારોને હાલાકી

ગોધરા,

પંચમહાલ જીલ્લા કલેક્ટર કચેરી સંકુલમાં આવેલી જીલ્લા ગ્રામ વિકાસ કચેરી અને સીટી સર્વે ભવનના મુખ્ય પ્રવેશદ્વાર પર વરસાદી પાણી ભરાયા છે. મુખ્ય ગેટ પાસે મોટા ખાડાઓ પડ્યા હોવાથી અને હાલમાં પડેલા વરસાદને કારણે પાણીનો ભરાવો થયો છે. આના કારણે અરજદારો અને કર્મચારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે મુખ્ય ગેટ પર પાણીનો જમાવડો જોવા મળે છે. આ ગંદકી અને પાણીના ભરાવાને લીધે પોતાના કામકાજ માટે આવતા અરજદારો તેમજ ફરજ પર જતા સરકારી કર્મચારીઓ રોજ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. સ્થાનિક તંત્ર દ્વારા કચેરીના મુખ્ય ગેટ પાસે ભરાયેલા પાણીના નિકાલ માટે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. લોકો તંત્ર પાસેથી આ સમસ્યાના નિરાકરણની અપેક્ષા રાખી રહ્યા છે.

# VYOના પ્રભારી કાલોલની શ્રી સરસ્વતી વિદ્યામંદિરમાં નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો




કાલોલ,

શ્રી સિધ્ધનાથ એજ્યુકેશન ટ્રસ્ટ કાલોલ સંચાલિત શ્રી સરસ્વતી વિદ્યામંદિરમાં તા. ૮ જુલાઈ બુધવારે સ્વ.નયનાબેન સુભાષચંદ્ર મહેતાના સ્મરણાર્થે શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ફુલ્સકેપ નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય દાતા તરીકે (વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન)ના પ્રભારી એડવોકેટ સુભાષચંદ્ર મહેતા તથા સહ પ્રભારી એડવોકેટ સતિષભાઈ શાહ તથા અતિથિ વિશેષ તરીકે હસમુખભાઈ શાહ ,શાળા સંચાલક મંડળ માંથી હરીશભાઈ ઉપાધ્યાય, હર્ષદભાઈ જોશી ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય રિતેશભાઈ પંડ્યાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. અંતે શાળા પરિસરમાં મહેમાનોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# ઘોઘંબા ગામે મોબાઈલ સ્ટેટસમાં ફોટો મુકવા જેવી બાબતે આધેડને મારમારતાં સારવાર દરમ્યાન મોત



ઘોઘંબા,

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા ગામે મોબાઈલ સ્ટેટસમાં ફોટો મુકવા જેવી નજીવી બાબતે થયેલા ઝઘડામાં ગંભીર રીતે ઘવાયેલા એક આધેડનું સારવાર દરમિયાન મોત નીપજતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

ઘટનાની વિગત એવી છે કે, ઘોઘંબાના નિશાળ ફળિયામાં રહેતા દિનેશભાઈ ભીખાભાઈ લુહારના દીકરાએ પોતાના મોબાઈલ ફોનના સ્ટેટસમાં કમલેશભાઈ ઓડ અને દિનેશભાઈ ઓડનો ફોટો મૂકીને ''ફાધર્સ ડે'' લખ્યું હતું. આ બાબતની અદાવત રાખીને ગામના જ ઓડ ફળિયામાં રહેતા ત્રણ શખ્સો કમલેશભાઈ ભલાભાઈ ઓડ, મહેશભાઈ ગોવિંદભાઈ ઓડ અને અશ્વિનભાઈ બાબુભાઈ ઓડ ઉશ્કેરાઈને દિનેશભાઈ લુહારના ગત ૨૧ જૂનના રોજ ઘરે ધસી આવ્યા હતા. ત્રણેય ઈસમોઓએ ''તારા છોકરાએ ફાધર્સ ડે લખી અમારો ફોટો સ્ટેટસમાં કેમ મૂક્યો છે, હું તમારો વેવાઈ લાગું છું?'' તેમ કહીને અપશબ્દો બોલીને ઝઘડો શરૂકર્યો હતો.આ દરમિયાન મામલો બિચકતાં કમલેશભાઈએ લાકડી વડે દિનેશભાઈને ડાબા પગમાં ફટકા માર્યા હતા, જ્યારે અશ્વિનભાઈએ નેતલબેનને ગાલ પર થપ્પડ મારી દીધી હતી. તે જ સમયે મહેશભાઈ ઓડે દિનેશભાઈ લુહારને પકડી રાખીને તેમનું માથું ઘરની દીવાલ સાથે જોરથી અથડાવી દીધું હતું, જેના કારણે તેમને માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર આંતરિક ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત આધેડને તાત્કાલિક ઘોઘંબા સરકારી દવાખાનામાં પ્રાથમિક સારવાર અપાવી ઘરે લાવવામાં આવ્યા હતા, પરંતુ તબિયત વધુ બગડતાં તેમને વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જ્યાં લાંબી સારવાર બાદ આખરે ગઈકાલે સારવાર દરમિયાન દિનેશભાઈ લુહારે દમ તોડ્યો હતો. આ ઘટના અંગે વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલ તરફથી ટેલિફોનિક વરધી મળતા જ રાજગઢ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. ગઢવીએ હોસ્પિટલ ખાતે પહોંચી મૃતકના પત્ની નેતલબેનની ફરિયાદના આધારે ગુનો નોંધી ત્રણેય આરોપીઓને અટકાયત કરવા ચક્રો ગતિમાન કરીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# કાલોલમા પર્યાપ્ત વરસાદના અભાવે બાકરોલ ગામના ખેડૂતોનું MGVCLને આવેદન વીજપુરવઠો દુરસ્ત કરવા માંગ




કાલોલ,

કાલોલ તાલુકાના બાકરોલ ગામના ખેડૂતોએ આજે (બુધવારે) સવારે મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL)ની કચેરી ખાતે પહોંચીને નાયબ ઈજનેરને એક લેખિત આવેદનપત્ર પાઠવ્યું હતું. ખેડૂતોએ પર્યાપ્ત વરસાદ ન હોવાને કારણે ખેતી માટેનો વીજપુરવઠો નિયમિત અને દુરસ્ત કરવાની ઉગ્ર માંગ કરી છે.

મુખ્ય સમસ્યાઓ જે ખેડૂતોએ રજૂ કરીઃ ખેડૂતોના જણાવ્યા અનુસાર, હાલ ચોમાસાની સીઝન હોવા છતાં ડાંગરના ધરૂની જાળવણી અને રોપણી થઈ શકે તેવો પૂરતો વરસાદ પડ્યો નથી. એક તરફ વરસાદ નથી, તો બીજી તરફ પાછલા ૧૦ થી ૧૫ દિવસથી કૃષિ ક્ષેત્રનો (એગ્રીકલ્ચર) વીજપુરવઠો સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે. વરસાદની રાહ જોવામાં રોપણીનો સમય વીતી રહ્યો છે. જો સમયસર પાણી ન મળે તો મોંઘા ભાવના ડાંગરના બિયારણો નાશ પામે તેમ છે, જેનાથી ખેડૂતોને મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

''વરસાદની સ્થિતિ અનિશ્ચિત છે, પરંતુ જો MGVCL વિભાગ દ્વારા એગ્રીકલ્ચરનો વીજપુરવઠો નિયમિત રીતે પૂરો પાડવામાં આવે તો ડાંગરની રોપણી સમયસર કરી શકાય.''

ખેડૂતોએ તંત્ર પાસે માંગ કરી છે કે બાકરોલ ફીડર હેઠળ આવતા કૃષિ વીજપુરવઠાની ખામીઓ તાત્કાલિક સુધારીને નિયમિત વીજળી આપવામાં આવે જેથી તેમનો પાક બચાવી શકાય.

# પંચમહાલ એલ.સી.બી.પોલીસે ગોપીપુરા ચાર રસ્તા પાસેથી સીકલીગર ગેંગના આરોપીને ઝડપ્યો




ગોધરા,

પંચમહાલ જીલ્લાના હાલોલ ખાતે લોકલ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. ગોપીપુરા ચાર રસ્તા પાસેથી સીકલીગર ગેંગના એક સાગરીતને ઝડપી પાડવામાં આવ્યો છે. આરોપી પાસેથી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ સહિત કુલ રૂ. ૮.૪૩ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આરોપીની પૂછપરછમાં ભાવનગર, સાબરકાંઠા અને પંચમહાલ જીલ્લામાં થયેલી કુલ ચાર ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ પણ ઉકેલાયો છે.

પંચમહાલ ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધી ચૌધરીના માર્ગદર્શન અને ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક સફીન હસનની સૂચના મુજબ એલસીબીની ટીમ મિલ્કત સંબંધિત ગુનાઓ શોધવા માટે સક્રિય કામગીરી કરી રહી હતી.

આ દરમિયાન એલસીબીને હ્યુમન સોર્સિસ મારફતે બાતમી મળી હતી કે અજયસિંહ બીરસિંહ સીકલીગર ચોરીના સોના-ચાંદીના દાગીના વેચવા માટે વડોદરાથી પાવાગઢ તરફ જઈ રહ્યો છે. બાતમીના આધારે હાલોલના ગોપીપુરા ચાર રસ્તા પાસે નાકાબંધી ગોઠવી પોલીસે આરોપીને હોન્ડા સાઈન મોટરસાયકલ સાથે ઝડપી પાડ્યો હતો.

# ગોધરાના પશ્ચિમ વિસ્તારમાં એમ.જી.વી.સી.એલ. મેગા વીજ ચેકીંગ કરી ૯૦૦ મીટરના ચેકીંગમાં ૫૦ લાખની વીજ ચોરી ઝડપી

ગોધરા,

ગોધરામાં GUVNL અને MGVCL દ્વારા મેગા વીજ ચેકીંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું. શહેરના પશ્ચિમ વિસ્તારમાં ૯૦૦ થી વીજ મીટરો માં ચેકીંગ કરવામાં આવતા રૂ.૫૦ લાખ થી વધુની વીજ ચોરી ઝડપી પાડવામાં આવી.

ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં જેવા કે સાતપુલ,ગુહ્યા મહોલ્લા, પોલન બજાર, રાંટા પ્લોટ,ગેની પ્લોટ, સિગ્નલ ફળિયા, હયાત ની વાડી સહિતના અનેક વિસ્તારોમાં આજે GUVNL અને MGVCL દ્વારા સંયુક્ત રીતે વીજ ચેકીંગનું મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં વીજ કંપનીઓની ૩૦ થી વધુ ટીમોએ ૫૦ જેટલા પોલીસ કર્મચારીઓના કાફલા સાથે સપાટો બોલાવતા પશ્ચિમ વિસ્તારના અંદાજીત ૯૦૦ થી વધુ વીજ જોડાણોમાં આકસ્મિક વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ વીજ ચેકીંગની કાર્યવાહી માં ૪૫ જેટલા વીજ જોડાણોમાં વીજ ચોરી ઝડપી પાડવામાં આવી હતી. જેના કારણે રૂ.૫૦ લાખ થી વધુની વીજ ચોરી ઝડપી પાડવામાં ટીમોને સફળતા પ્રાપ્ત થઈ હતી. ગોધરામાં વીજ ચોરીને ડામવા માટે આકસ્મિક વીજ ચેકીંગ હાથ ધરવામાં આવતા વીજચોરી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

# ગોધરા તાલુકાના નદીસર રોટોના મુવાડા ગામની ૨૬ વર્ષીય પરણિતાએ ઝેરી દવા પી જતા સારવાર દરમિયાન મોત

ગોધરા,

ગોધરા તાલુકાના નદીસર રોટોના મુવાડા ગામની ૨૬ વર્ષીય પરણિતાએ તા.૨ જુલાઈના રોજ કોઈ કારણોસર ઝેરી દવા પી ગયેલ હોય પ્રાથમિક સારવાર કાંકણપુર સરકારી દવાખાનામાં કરાવી વધુ સારવાર માટે ગોધરા સિવિલમાં દાખલ કરતા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું હતું.

ગોધરા તાલુકાના નદીસર રોટોના મુવાડા ગામે રહેતી પરણિતા સોનલબેન અજયભાઈ અરવિંદભાઈ પરમાર ઉ.વ.૨૬ એ તા.૭ જુલાઈના રોજ કોઈ અગમ્યકારણોસર ઝેરી દવા પી જતાં સારવાર માટે કાંકણપુર સરકારી દવાખાના અને વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડતા દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું હતું.

આ બાબતે કાંકણપુર પોલીસ મથકે મરણજનારના પિતાએ ફરિયાદ નોંધાવા પામી છે.

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૫૯૮/૨૦૨૬ તા.૦૮/૦૭/૨૦૨૬

અરજદારઃ બારિયા વિજયભાઈ મોતિયાભાઈ રહે. ગમલા, તા.જિ.દાહોદ

વિરુદ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ગમલા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી બારિયા વિજયભાઈ મોતિયાભાઈના પુત્ર નામે બારીયા વિશાલ વિજયભાઈનો જન્મ તા. ૨૧/૦૭/૨૦૧૬ના રોજ ગમલા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા પુત્રના જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ગમલા, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી ગમલા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૦૮ માંહે :જુલાઈ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

-સહી-

(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૪૦૫/૨૦૨૬ તા.૦૮/૦૭/૨૦૨૬

અરજદારઃ પરમાર નયનાબેન દિનુભાઈ રહે. મોટીખરજ, તા.જિ.દાહોદ

વિરુદ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, મોટીખરજ, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી પરમાર નયનાબેન દિનુભાઈના પુત્રીઓ નામે (૧) પરમાર રાધિકાબેન દિનુભાઈનો જન્મ તા.૧૦/૦૧/૨૦૦૫ના રોજ (૨) પરમાર સુજીકાબેન દિનુભાઈનો જન્મ તા.૦૧/૦૬/૨૦૧૬ ના રોજ (૩) પરમાર રાજલબેન દિનુભાઈનો જન્મ તા.૨૮/૦૪/૨૦૨૨ના રોજ મોટીખરજ, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો પુત્રીઓના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા પુત્રીઓના જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, મોટીખરજ, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીઓના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી મોટીખરજ, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૦૮ માંહે :જુલાઈ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

-સહી-

(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**

કેસ નં. ૧૦૪/૨૦૨૫, તા.૨૯/૦૬/૨૦૨૬

અરજદાર- શ્રી બારીઆ અર્જુનભાઈ છત્રસીંગભાઈ, રહે.નળુ,તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂદ્ધ

સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,નળુ, તા.ધાનપુર, જી.દાહોદ.

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ મરણની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી બારીઆ અર્જુનભાઈ છત્રસીંગભાઈ તેમના પિતા/કાકા નામે (૧) બારીઆ છત્રસીંગભાઈ મોહનભાઈનુ મરણ તા.૧૭/૦૬/૧૯૮૮(૨)બારીઆ ફકરુભાઈ મોહનભાઈનુ મરણ તા.૧૫/૧૨/૧૯૯૩ નારોજ મુ.નળુ, તા.ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પિતા/કાકાનો મરણ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.નળુ,તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પિતા/કાકાનો મરણના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ-૨૯ માહે જુનનારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એન.જે.ગોમતીવાલ)

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**

કેસ નં. ૧૯૭/૨૦૨૬, તા.૨૯/૦૬/૨૦૨૬

અરજદાર- શ્રી સંગોડ કાજીભાઈ ભુલાભાઈ, રહે.પાવ,તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂદ્ધ

સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,પાવ, તા.ધાનપુર, જી.દાહોદ.

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી સંગોડ કાજીભાઈ ભુલાભાઈ તેમના પુત્ર નામે (૧) સંગોડ વિજયભાઇ કાજીભાઈનો જન્મ તા.૧૫/૦૧/૨૦૧૪(૧) સંગોડ રોહિતભાઈ કાજીભાઈનો જન્મ તા.૨૦/૦૫/૨૦૧૫ નારોજ મુ.પાવ, તા.ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.પાવ,તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રનો જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ-૨૯ માહે જુનનારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એન.જે.ગોમતીવાલ)

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર